Gujarati

NHS

# THE NHS CONSTITUTION

## the NHS belongs to us all

### એન.એચ.એસ.નું કોન્સ્ટિટ્યુશન - બંધારણ

ઈંગ્લેન્ડ માટે
21 જાન્યુઆરી 2009

## એન.એચ.એસ. લોકોની છે.

તે આપણા આરોગ્ય અને સુખાકારીમાં સુધારો કરવા માટે, આપણને માનસિક અને શારીરિક રીતે તંદુરસ્ત રાખવા માટે, આપણે જ્યારે બીમાર પડીએ ત્યારે સાજાં થવા માટે, અને જ્યારે આપણે પૂરેપૂરાં સાજાં ન થઈ શકીએ ત્યારે આપણા જીવનના અંત સુધી શક્ય તેટલાં સારાં રહેવામાં ટેકો આપવા માટે છે. તે વિજ્ઞાનની હદો સુધી જઈને કામ કરે છે - જીવન બચાવવા માટે અને આરોગ્યમાં સુધારા માટે માનવીય જ્ઞાન અને કુશળતાનાં સર્વોચ્ચ ધોરણોને અપનાવે છે. તે પાયાની માનવીય જરૂરતોના એવા સમયે આપણા જીવનને સ્પર્શે છે, જ્યારે સંભાળ અને કરૂણા સૌથી વધુ અગત્યનાં બની જાય છે.

એન.એચ.એસ.ની સ્થાપના એવા એકસમાન સિદ્ધાંતો અને મૂલ્યો ઉપર કરવામાં છે જે એવાં લોકો જેમને સેવાઓ પૂરી પાડે છે - જેવાં કે દર્દીઓ અને જાહેર જનતા - તેમજ તેના માટે કામ કરતા કર્મચારીઓને એક તારે બાંધે છે.

આ **કોન્સ્ટિટ્યુશન - બંધારણ** ઈંગ્લેન્ડમાં એન.એચ.એસ.નાં **સિદ્ધાંતો** અને **મૂલ્યો** સ્થાપિત કરે છે. દર્દીઓ, જાહેરજનતા તેમજ કર્મચારીઓ જેના હકદાર છે તે **અધિકારો** તે જણાવે છે અને એન.એચ.એસ. જે **વચનો** પ્રાપ્ત કરવા પ્રતિ કટીબદ્ધ છે તે, અને સાથે સાથે એ **જવાબદારીઓ** જે જાહેરજનતા, દર્દીઓ અને કર્મચારીઓ એકબીજા પ્રતિ ધરાવે છે જેથી કરીને એન.એચ.એસ. ન્યાયીપણે તેમજ અસરકારક રીતે કામકાજ કરી શકે એવી ખાતરી થઈ શકે. એન.એચ.એસ.ની બધી જ સંસ્થાઓ તેમજ એન.એચ.એસ.ની સેવાઓ પૂરી પાડનારાં ખાનગી અને ત્રીજા ક્ષેત્રનાં પ્રોવાઈડરો (સેવા પૂરી પાડનારાં)એ તેમના નિર્ણયો અને પગલાંમાં કાયદા અનુસાર આ કોન્સ્ટિટ્યુશનને ધ્યાનમાં લેવાનું રહેશે.

આ કોન્સ્ટિટ્યુશનમાં જાહેરજનતા, દર્દીઓ અને કર્મચારીઓને સાંકળીને દર 10 વર્ષે ફરીથી સુધારા કરવામાં આવશે. તેની સાથે એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન વિશેની હેન્ડબુક (માહિતી પુસ્તિકા) પણ તૈયાર કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછા દર ત્રણ વર્ષે ફરીથી સુધારા કરવામાં આવશે, જેમાં કોન્સ્ટિટ્યુશન દ્વારા સ્થાપિત કરવામાં આવેલા અધિકારો, વચનો, ફરજો અને જવાબદારીઓ ઉપરની વર્તમાન માર્ગદર્શિકા આપવામાં આવી હશે. આ સુધારા માટેની જરૂરિયાતોને પણ કાયદેસર લાગુ પાડવામાં આવશે. જેથી એન.એચ.એસ.ને પાયાનો ટેકો આપતાં મૂલ્યો અને સિદ્ધાંતોની નિયમિત પુનઃવિચારણા કરવામાં આવે છે અને નવી કટીબદ્ધતાઓ સ્થાપિત કરવામાં આવે છે તેની ખાતરી થઈ શકશે; અને જે કોઈ પણ સરકાર એન.એચ.એસ.ના સિદ્ધાંતો કે મૂલ્યોમાં અથવા આ કોન્સ્ટિટ્યુશનમાં જણાવવામાં આવેલા અધિકારો, વચનો, ફરજો અને જવાબદારીઓમાં ફેરફારો કરવાનો પ્રયત્ન કરશે તેમણે જાહેરજનતા, દર્દીઓ અને કર્મચારીઓ સાથે તેને લગતી સંપૂર્ણ અને ખુલ્લી મંત્રણાઓ કરવાની રહેશે.

# 1. એન.એચ.એસ.ના માર્ગદર્શક સિદ્ધાંતો

**એન.એચ.એસ. જે કંઈ પણ કરે છે તેમાં સાત મુખ્ય સિદ્ધાંતો તેનું માર્ગદર્શન કરે છે. તેને એન.એચ.એસ.નાં એવાં મુખ્ય મૂલ્યો દ્વારા ટેકો આપવામાં આવે છે જે કર્મચારીઓ, દર્દીઓ તેમજ જાહેરજનતા સાથેની વિસ્તૃત મંત્રણાઓમાંથી બનાવવામાં આવ્યાં છે. આ મૂલ્યો આ દસ્તાવેજના પાછળના ભાગમાં જણાવવામાં આવ્યાં છે.**

**1. એન.એચ.એસ. એક વિસ્તૃત સેવા પૂરી પાડે છે** જે તેમના લિંગ, વર્ણ, અસમર્થતા, ઉંમર, જાતીય અભિગમ, ધર્મ કે માન્યતાને ધ્યાનમાં લીધા વગર, **બધાં જ લોકો માટે ઉપલબ્ધ છે.** તે જેમને સેવા પૂરી પાડે છે તે દરેકેદરેક વ્યક્તિ પ્રતિ ફરજ ધરાવે છે અને તેમના માનવ અધિકારોનું માન જાળવવું જ પડશે. સાથે સાથે, તે પૂરી પાડે છે તે સેવાઓ મારફતે સમાનતાને બઢતી આપવાની તેમજ સમાજના જે જૂથોનાં લોકોમાં આરોગ્યમાં સુધારા તેમજ જીવન અપેક્ષા બાકીની વસ્તીની સરખામણીમાં પાછળ રહી ગયાં હોય તેમના ઉપર ખાસ ધ્યાન આપવાની તેની સામાજિક ફરજ પણ છે.

**2. એન.એચ.એસ.ની સેવાઓ મેળવવાનો આધાર વ્યક્તિની તબીબી જરૂરત ઉપર છે, તેમની પૈસા ચૂકવી શકવાની ક્ષમતા ઉપર નહિ.** એન.એચ.એસ.ની સેવાઓ મફત છે, સંસદ દ્વારા મંજૂર કરવામાં આવેલા કેટલાક મર્યાદિત સંજોગો સિવાય.

**3.** સલામત, અસરકારક અને દર્દીના અનુભવ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે તેવી સર્વોચ્ચ ગુણવત્તાની સંભાળ પૂરી પાડવામાં; તે પૂરી પાડે છે તેવી તબીબી તેમજ અન્ય સેવાઓના આયોજનમાં તેમજ તે પૂરી પાડવામાં; તે જેમને કામ પર રાખે છે તેમજ જેમને શિક્ષણ, તાલીમ આપે છે અને જેમનો વિકાસ કરે છે તે લોકોમાં; તેની સંસ્થાઓની દોરવણી તેમજ સંચાલનમાં; અને નવીનતા પ્રતિ તેમજ જનવસ્તીના વર્તમાન તેમજ ભાવિ આરોગ્ય અને સંભાળમાં સુધારો કરવા માટેના સંશોધનો કરવા અને તેને પ્રોત્સાહન આપવાની તેની કટીબદ્ધતા મારફતે - **એન.એચ.એસ. સર્વશ્રેષ્ઠતા અને વ્યવસાયિકતાનાં સર્વોચ્ચ ધોરણો પ્રાપ્ત કરવાની મહત્ત્વકાંક્ષા ધરાવે છે.**

**4. એન.એચ.એસ.ની સેવાઓએ દર્દીઓ, તેમનાં કુટુંબીજનો અને તેમનાં કેરરોની જરૂરતો અને પસંદગીઓનું પ્રતિબિંબ પાડવું જ જોઈએ.** દર્દીઓ, તેમનાં કુટુંબીજનો અને જ્યાં યોગ્ય હોય ત્યાં તેમનાં કેરરોને તેમની સંભાળ અને સારવાર માટેના બધા જ નિર્ણયોમાં સામેલ કરવામાં આવશે અને તેના વિશે તેમની સાથે સલાહમસલતો લેવામાં આવશે.

**5. એન.એચ.એસ. દર્દીઓ, સ્થાનિક સમાજો તેમજ વિસ્તૃત જનસમાજના હિતમાં સંસ્થાકીય હદોની આરપાર જઈને અને અન્ય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં મળીને કામ કરે છે** એન.એચ.એસ. જુદી જુદી સંસ્થાઓ અને સેવાઓની એક સંગઠિત પદ્ધતિ છે જે કોન્સ્ટિટ્યુશનમાં નક્કી કરાયેલા સિદ્ધાંતો અને મૂલ્યો દ્વારા એકબીજા સાથે સંકળાયેલી છે. આરોગ્ય અને સુખાકારીમાં સુધારા કરવા માટે અને તે પૂરા પાડવા માટે, એન.એચ.એસ. લોકલ ઓથોરિટીઓ અને રાષ્ટ્રિય અને સ્થાનિક ક્ષેત્રની બીજી અનેક ખાનગી, જાહેર તેમજ ત્રીજા ક્ષેત્રની સંસ્થાઓ સાથે સંયુક્તપણે મળીને કામ કરવા માટે કટીબદ્ધ છે.

**6. કરદાતાઓના પૈસાનું સર્વોત્તમ મૂલ્ય પૂરું પાડવા માટે અને મર્યાદિત સંસાધનોનો મહત્તમ અસરકારક, ન્યાયી અને ટકાઉ ઉપયોગ કરવા માટે એન.એચ.એસ. કટીબદ્ધ છે.** આરોગ્ય સંભળ માટેનું જાહેર ભંડોળ એન.એચ.એસ. જેમને સેવાઓ પૂરી પાડે છે તે લોકોના ફાયદા માટે જ ફક્ત કરવામાં આવશે.

**7. એન.એચ.એસ. જેમને સેવા પૂરી પાડે છે તે જાહેરજનતા, સમાજો અને દર્દીઓ પ્રત્યે ઉત્તરદાયિત્વ ધરાવે છે.** એન.એચ.એસ. એક રાષ્ટ્રિય સેવા છે, જેનું ભંડોળ રાષ્ટ્રિય કરવેરા મારફતે પૂરું પાડવામાં આવે છે, અને એન.એચ.એસ.નું કાર્યમાળખું સરકાર નક્કી કરે છે, જે પોતાના કાર્યભાર માટે સંસદને ખુલાસો આપવા જવાબદાર છે. પરંતુ, એન.એચ.એસ.માં મોટા ભાગના નિર્ણયો, ખાસ કરીને વ્યક્તિગત લોકોની સારવારને લગતા અને સેવાઓની ગોઠવણની વિગતોને લગતા નિર્ણયો સ્થાનિક એન.એચ.એસ. દ્વારા તેમજ દર્દીઓ અને તેમના તબીબો સાથે મળીને લેવામાં આવે છે જે યોગ્ય છે. એન.એચ.એસ.માં નિર્ણયો લેવા માટેની જવાબદારીની અને ઉત્તરદાયિત્વની પદ્ધતિ પારદર્શક અને જાહેરજનતા, દર્દીઓ તેમજ કર્મચારીઓ માટે સ્પષ્ટ હોવી જોઈએ. આ હેતુસર એન.એચ.એસ.ના ઉત્તરદાયિત્વનું એક સ્પષ્ટ અને અદ્યતન નિવેદન હંમેશાં ઉપલબ્ધ હોય તેની સરકાર ખાતરી કરશે.

# 2a. દર્દીઓ અને જાહેરજનતા - તમારા અધિકારો અને એન.એચ.એસ.નાં તમને અપાયેલાં વચનો

**એન.એચ.એસ.નો ઉપયોગ કરનારી દરેક વ્યક્તિએ પોતાના શું કાનૂની અધિકારો છે તે સમજવું જોઈએ. આ કારણસર, આ કોન્સ્ટિટ્યુશનમાં અગત્યના કાનૂની અધિકારો સંક્ષેપમાં આપવામાં આવ્યા છે અને તેના વિશે વધારે વિગતવાર સમજૂતી એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશનની હેન્ડબુકમાં આપવામાં આવી છે, જેમાં જો તમને લાગતું હોય કે તમારા અધિકાર પ્રમાણે તમને સેવા નથી મળી તો તમે શું કરી શકો છો તે પણ સમજાવવામાં આવ્યું છે. આ સંક્ષેપ તમારા કાનૂની અધિકારોની વિગતો બદલતો નથી.**

**આ કોન્સ્ટિટ્યુશનમાં એ વચનો પણ જણાવવામાં આવ્યાં છે, જે પ્રાપ્ત કરવા માટે એન.એચ.એસ. કટીબદ્ધ છે. આ વચનો કાનૂની અધિકારોથી પણ આગળ વધે છે. એટલે કે વચનો કાનૂની રીતે બંધનકર્તા નથી, પરંતુ ઊચ્ચ ગુણવત્તાની સેવાઓ પૂરી પાડવા માટેની એન.એચ.એસ.ની વચનબદ્ધતા તે રજૂ કરે છે.**

### આરોગ્ય સેવાઓ મેળવી શકવી:

એન.એચ.એસ.ની સેવાઓ મફત મેળવવાનો **તમને અધિકાર છે,** સંસદ દ્વારા મંજૂર કરવામાં આવેલા કેટલાક મર્યાદિત સંજોગો સિવાય.

એન.એચ.એસ.ની સેવાઓ મેળવી શકવાનો **તમને અધિકાર છે.** કોઈ ગેરવાજબી કારણોસર તમને સેવા આપવાનો ઈનકાર કરવામાં આવશે નહિ.

તમારી સ્થાનિક એન.એચ.એસ. સ્થાનિક સમાજની આરોગ્યની જરૂરતોની આકારણી કરે અને જરૂર હોય તે મુજબ તે જરૂરતો પૂરી કરવા માટે સેવાઓ ઉપલબ્ધ કરાવવાની ગોઠવણ કરે તેવી અપેક્ષા રાખવાનો **તમને અધિકાર છે.**

અમુક સંજોગોમાં, યુરોપિયન યુનિયન ઈકોનોમિક એરિયાના બીજા કોઈ દેશમાં અથવા સ્વિટ્ઝરલેન્ડમાં સારવાર મેળવવા માટે જવાનો **તમને અધિકાર છે,** જે તમારા એન.એચ.એસ. કમિશનર મારફતે તમને મળી શકશે.

એન.એચ.એસ.ની સેવા પૂરી પાડવા સામે, તમારા લિંગ, વર્ણ, ધર્મ કે માન્યતા, જાતીય અભિગમ, અસમર્થતા (શીખવાની અસમર્થતા કે માનસિક બીમારી સહિત) અથવા ઉંમરને લગતાં કારણોસર તમારી સામે ગેરકાયદેસર ભેદભાવ કરવામાં ન આવે તે **તમારો અધિકાર છે.**[1]

**એન.એચ.એસ. આ વચનો પણ આપે છે:**

- એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન માટેની હેન્ડબુકમાં જણાવ્યા અનુસાર રાહ જોવાના સમયની અંદર રહીને સેવાઓ મેળવવા માટે અનુકૂળ આવે તેવો, સહેલો માર્ગ પૂરો પાડવો (વચન);
- સ્પષ્ટ અને પારદર્શક રીતે નિર્ણયો લેવા, જેથી દર્દીઓ અને જાહેરજનતા સમજી શકે કે સેવાઓનું આયોજન કેવી રીતે કરવામાં આવે છે તેમજ તે કેવી રીતે પૂરી પાડવામાં આવે છે (વચન); અને
- જ્યારે તમને એકથી બીજી સેવા માટે મોકલવામાં આવે ત્યારે તે પરાવર્તન બને તેટલું સરળ બનાવવું, અને લાગતાવળગતા નિર્ણયોમાં તમારો સમાવેશ કરવો (વચન).

1 સેવાઓમાં તેમજ જાહેર કાર્યવાહીઓમાં પુખ્ત વયનાં લોકો સામે ઉંમરના ધોરણે કરવામાં આવતા અન્યાયી ભેદભાવને ગેરકાયદેસર બનાવવા માટે સરકાર ‘ઈક્વોલિટી બિલ’ (સમાનતાનો ખરડો) ઉપયોગમાં લેવાનો ઈરાદો રાખે છે. સંસદની મંજૂરી મળી જશે, તો જ્યારે આરોગ્ય ક્ષેત્ર માટે સંબંધિત જોગવાઈઓનો અમલ કરવામાં આવશે ત્યારે વ્યક્તિની વિરુદ્ધ ભેદભાવ ન કરવામાં આવે તે માટેનો તેમનો આ અધિકાર લંબાવીને ઉંમર માટે પણ લાગુ પાડવામાં આવશે.

## સંભાળ અને વાતાવરણની ગુણવત્તા:

તમારી સારવાર સંભાળનાં વ્યવસાયિક ધોરણો અનુસાર, યોગ્ય લાયકાત મેળવેલાં અને અનુભવી કર્મચારીઓ દ્વારા, સુરક્ષા અને ગુણવત્તાનાં જરૂરી ધોરણો પૂરાં કરતી હોય તેવી યોગ્ય મંજૂરી મેળવેલી અથવા નોંધાયેલી સંસ્થાઓમાં પૂરી પાડવામાં આવે તે **તમારો અધિકાર છે.**[2]

એન.એચ.એસ.ની સંસ્થાઓ જે આરોગ્ય સંભાળની સેવાઓની સોંપણી કરે છે અથવા પોતે પૂરી પાડે છે તેના ઉપર દેખરેખ રાખે અને તેમાં સુધારા કરવાના પ્રયત્નો કરે તેવી અપેક્ષા રાખવાનો **તમને અધિકાર છે.**

**એન.એચ.એસ. આ વચનો પણ આપે છે:**

- રાષ્ટ્રિય સર્વોત્તમ કાર્યવ્યવહાર ઉપર આધારિત હોય અને સેવાઓ એવા સ્વચ્છ અને સલામત વાતવરણમાં પૂરી પાડવામાં આવે જે તે હેતુસર યોગ્ય હોય તેની ખાતરી કરવી (વચન); અને
- તમને મળતી સેવાઓની ગુણવત્તામાં સતત સુધારા કરવા, સંભાળની અને સારવારની ગુણવત્તામાં સર્વોત્તમ કાર્યવ્યવહારો ઓળખવા અને તેની આપ-લે કરવી (વચન).

## રાષ્ટ્રિય રીતે મંજૂર કરવામાં આવેલી સારવારો, દવાઓ અને કાર્યક્રમો:

એન.એચ.એસ.માં વાપરવા માટે એન.આઈ.સી.ઈ. (નાઈસ) [3] દ્વારા ભલામણ કરવામાં આવેલી દવાઓ, જો તમારા ડોક્ટર કહે કે તમારા માટે તબીબી રીતે યોગ્ય છે, તો તે દવાઓ અને સારવાર મેળવવાનો **તમને અધિકાર છે.**

બીજી દવાઓ અને સારવારો માટેના ભંડોળ વિશેના સ્થાનીય નિર્ણયો, પુરાવાઓને યોગ્ય રીતે ધ્યાનમાં લઈને વાજબી રીતે લેવામાં આવે તેવી અપેક્ષા રાખવાનો **તમને અધિકાર છે.** તમને અને તમારા ડોક્ટરને તમારા માટે યોગ્ય લાગતી હોય તેવી કોઈ દવા કે સારવાર માટેનું ભંડોળ નહિ આપવાનો જો સ્થાનિય એન.એચ.એસ. નિર્ણય કરે, તો તેઓ તે નિર્ણયનો ખુલાસો તમને કરશે.

એન.એચ.એસ. દ્વારા રાષ્ટ્રિય રસીઓના કાર્યક્રમ હેઠળ પૂરી પાડવામાં આવતી રસીઓ તમને મળવી જોઈએ એવી જોઈન્ટ કમિટિ ઓન વેક્સિનેશન્સ એન્ડ ઈમ્યુનાઈઝેશનની ભલામણ હોય, તો તે રસીઓ મેળવવાનો **તમને અધિકાર છે.**

**એન.એચ.એસ. આ વચન પણ આપે છે:**

- યુકે નેશનલ સ્ક્રીનિંગ કમિટિ દ્વારા ભલામણ કરવામાં આવ્યા મુજબના સ્ક્રીનિંગ પ્રોગ્રામો (તપાસના કાર્યક્રમો) પૂરા પાડવા (વચન).

## માન, મંજૂરી અને ખાનગીપણું:

તમારા માનવ અધિકારો અનુસાર તમારી સાથે માનપૂર્વક અને સન્માનથી વર્તન કરવામાં આવે **તેવો તમારો અધિકાર છે.**

તમને જણાવેલી કોઈ પણ સારવાર લેવાનો કે તેનો ઈનકાર કરવાનો, અને તમે જ્યાં સુધી તમારી કાયદેસર મંજૂરી ન આપી હોય ત્યાં સુધી તમારી કોઈ શારીરિક તપાસ કે સારવાર કરવામાં ન આવે તે **તમારો અધિકાર છે.** જો મંજૂરી આપવાની તમારી ક્ષમતા ન હોય, તો તમારા વતી કાયદેસર કારભાર કરી શકે તેવી કોઈ વ્યક્તિ પાસેથી તે મંજૂરી મેળવવામાં આવવી જ જોઈએ અથવા તે સારવાર તમારા સર્વોત્તમ હિતમાં હોવી જ જોઈએ.[4]

2 ચેપી રોગો (ઈન્ફેક્શનો) ઉપર કાબૂ મેળવવાના સંબંધમાં 2009થી અને વધારે વિસ્તૃત રીતે 2010થી, એન.એચ.એસ.નાં અમુક પ્રોવાઈડરો ઉપર નોંધણીની પદ્ધતિ લાગુ પડશે. આના વિશેની વધારે વિગતો એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન માટેની હેન્ડબુકમાં આપવામાં આવેલી છે.

3 એન.આઈ.સી.ઈ. (નાઈસ - નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર હેલ્થ એન્ડ ક્લિનિકલ એક્સિલન્સ) એક સ્વતંત્ર એન.એચ.એસ. સંસ્થા છે જે દવાઓ અને સારવારો ઉપરની માર્ગદર્શિકાઓ બહાર પાડે છે. 'ભલામણ કરાયેલ' એટલે કે એન.આઈ.સી.ઈ.ની ટેક્નોલોજીની આકારણી દ્વારા ભલામણ કરવામાં આવેલ. પ્રાઈમરી કેર ટ્રસ્ટોએ સામાન્ય રીતે એન.આઈ.સી.ઈ.ની ટેક્નોલોજીની આકારણી બહાર પડ્યાની તારીખના ત્રણ મહિનાની અંદર તે આકારણી માટેનું ભંડોળ આપવું જરૂરી છે.

4 જો તમને મેન્ટલ હેલ્થ એક્ટ 1983 હેઠળ હોસ્પિટલમાં અથવા દેખરેખ હેઠળની સમાજિક સારવાર ઉપર અટકાયતમાં રાખવામાં આવ્યાં હોય, તો તમારી માનસિક બીમારીની સારવાર માટે જુદા નિયમો લાગુ પડી શકે. આ નિયમો તમને તે સમયે સમજાવવામાં આવશે. તેમનો અર્થ કદાચ એવો પણ થઈ શકે કે તમે મંજૂરી નહિ આપો તો પણ તમારી માનસિક બીમારી માટે તમને સારવાર આપવામાં આવી શકે છે.

તમને સૂચવવામાં આવેલી સારવાર વિશે, તેમાં કોઈ મોટાં જોખમો હોય તો તેના વિશે અને બીજી કોઈ વૈકલ્પિક સારવાર મળી શકે તેમ છે કે નહિ તેના વિશે અને કશું જ કરવામાં ન આવે તો તેમાં શું જોખમો રહેલાં છે તેના વિશે તમને અગાઉથી માહિતી આપવામાં આવે તે **તમારો અધિકાર છે.**

એકાંત અને ખાનગીપણાનો અને એન.એચ.એસ. તમારી ખાનગી માહિતી સલામત અને સુરક્ષિત રાખે તેવી અપેક્ષા રાખવાનો **તમારો અધિકાર છે.**

તમારા આરોગ્ય વિશેની તમારી નોંધો જોવા મેળવવાનો **તમને અધિકાર છે.** તમારા સર્વોત્તમ હિતમાં તમારી સારવારનો વહીવટ કરવા માટે જ હંમેશાં આનો ઉપયોગ કરવામાં આવશે.

**એન.એચ.એસ. આ વચન પણ આપે છે:**

- તમારી સંભાળ વિશે તબીબો વચ્ચે કરવામાં આવતા કોઈ પણ પત્રવ્યવહારની તમને પણ જાણ કરવી (વચન).

## માહિતીસભર પસંદગી:

તમારા જીપીનું દવાખાનું પસંદ કરવાનો અને તે દવાખાનું તમને સ્વીકારે તે **તમારો અધિકાર છે,** સિવાય કે ઈનકાર કરવા માટેનાં કોઈ વાજબી કારણો હોય, તો તેવા સંજોગોમાં તે કારણોની તમને જાણ કરવામાં આવશે.

તમારા જીપીના દવાખાનામાં કોઈ અમુક ચોક્કસ ડોક્ટર પાસે સારવાર મેળવવાની પસંદગી વ્યક્ત કરવાનો અને દવાખાનું તમારી તે પસંદગી પૂરી કરવાનો પ્રયત્ન કરે તે **તમારો અધિકાર છે.**

તમારી એન.એચ.એસ.ની સંભાળ વિશે પસંદગીઓ કરવાનો અને તે પસંદગીઓને ટેકો આપવા માટેની માહિતી મેળવવાનો **તમને અધિકાર છે.** તમને કયા વિકલ્પો મળી શકે તેમ છે તે સમય અનુસાર ખબર પડશે અને તેનો આધાર તમારી વ્યક્તિગત જરૂરતો પર રહેલો હશે. આની વિગતો એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન માટેની હેન્ડબુકમાં જણાવેલી છે.

**એન.એચ.એસ. આ વચનો પણ આપે છે:**

- તમને રાષ્ટ્રિય અને સ્થાનિક રીતે મળી શકતી આરોગ્યસંભાળ વિશે તમને જાણ કરવી (વચન); અને
- તમારી પોતાની આરોગ્યસંભાળને લગતા નિર્ણયોમાં પૂરેપૂરા સંકળાઈ શકો તે માટે અને તમને પસંદગીઓ કરવામાં ટેકો આપવા માટે, સહેલાઈથી મેળવી શકાય તેવી, ભરોસાપાત્ર અને લાગતીવળગતી માહિતી તમને પ્રદાન કરવી. આમાં જ્યાં સશક્ત અને સચોટ માહિતી ઉપલબ્ધ હશે તેવી તબીબી સેવાઓની ગુણવત્તાઓ ઉપરની માહિતીનો પણ સમાવેશ થશે (વચન).

## તમારી આરોગ્યસંભાળમાં અને એન.એચ.એસ.માં સંકળાવું:

તમારી આરોગ્યસંભાળ વિશેની ચર્ચાઓ અને નિર્ણયોમાં સંકળાવાનો અને તમે તેમ કરી શકો તે માટે તમને માહિતી આપવામાં આવે તે **તમારો અધિકાર છે.**

આરોગ્યસંભાળની સેવાઓના આયોજનમાં, તે સેવાઓ જેવી રીતે પૂરી પાડવામાં આવે છે તેમાં વિકાસ અને પ્રસ્તાવોની વિચારણામાં, અને તે સેવાઓના કાર્યભારને અસર કરે તેવા લેવામાં આવનારા નિર્ણયોમાં સીધા અથવા પ્રતિનિધિઓ મારફતે સંકળાવાનો **તમારો અધિકાર છે.**

**એન.એચ.એસ. આ વચનો પણ આપે છે:**

- એન.એચ.એસ.ની સેવાઓના આયોજન અને તે પૂરી પાડવા ઉપર પ્રભાવ પાડવા અને તેની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે તમને જોઈતી માહિતી તમને પૂરી પાડવી (વચન); અને
- તમારી સાથે, તમારાં કુટુંબીજનો, કેરરો અને પ્રતિનિધિઓ સાથે ભાગીદારીમાં મળીને કામ કરવું (વચન).

## ફરિયાદો અને નિવારણઃ

એન.એચ.એસ.ની સેવા વિશે તમે કરેલી કોઈ પણ ફરિયાદ ઉપર કાર્યક્ષમતાથી કાર્યવાહી કરવામાં આવે અને તેની યોગ્ય તપાસ કરવામાં આવે તે **તમારો અધિકાર છે.**

તમારી ફરિયાદ અંગે કરવામાં આવેલી કોઈ પણ તપાસનું શું પરિણામ આવ્યું તે જાણવાનો **તમારો અધિકાર છે.**

તમારી ફરિયાદ અંગે એન.એચ.એસ. દ્વારા જેવી રીતે કાર્યવાહી કરવામાં આવી હોય તેનાથી જો તમને સંતોષ ન હોય, તો તમારી ફરિયાદ સ્વતંત્ર હેલ્થ સર્વિસ ઓમ્બ્ડ્સમેન પાસે લઈ જવાનો **તમારો અધિકાર છે.**

એન.એચ.એસ.ની કોઈ સંસ્થાના કોઈ નિર્ણયની અથવા તેમના કોઈ ગેરકાયદેસર પગલાંની તમને સીધી અસર થઈ હોવાનું તમને લાગતું હોય, તો તે બનાવની ન્યાયી પુનઃતપાસ કરાવવા માટેનો દાવો કરવાનો **તમને અધિકાર છે.**

જ્યાં તમને સારવારમાં બેદરકારી દાખવવા બદલ કોઈ નુક્સાન થયું હોય તો તેની સામેનું વળતર મેળવવાનો **તમારો અધિકાર છે.**

**એન.એચ.એસ. આ વચનો પણ આપે છેઃ**

- તમારી સાથે વિનમ્રતાપૂર્વક વ્યવહાર કરવામાં આવે અને તમને તમારી ફરિયાદની સમગ્ર કાર્યવાહી દરમ્યાન યોગ્ય ટેકો મળી રહે; અને તમે ફરિયાદ કરી હોવાની હકીકતને કારણે ભવિષ્યની તમારી સારવારો ઉપર કોઈ વિપરિત અસરો ન પડે તેની ખાતરી કરવી (વચન);
- જ્યારે ભૂલો થાય ત્યારે તેમને સ્વીકારવી, માફી માગવી, શું ખોટું થયું હતું તેનો ખુલાસો કરવો અને ઝડપથી તેમજ અસરકારક રીતે બાબતો સુધારવી (વચન); અને
- ફરિયાદો અને દાવાઓ ઉપરથી સંસ્થા પદાર્થપાઠ શીખે અને તેમનો ઉપયોગ એન.એચ.એસ.ની સેવાઓમાં સુધારા કરવા માટે કરે તેની ખાતરી કરવી (વચન).

## 2b. દર્દીઓ અને જાહેરજનતા - તમારી જવાબદારીઓ

**એન.એચ.એસ. આપણાં સહુની છે. તેને અસરકારક રીતે કામ કરવામાં મદદ કરવા માટે અને સંસાધનો જવાબદારીપૂર્વક વાપરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે, આપણા પોતાના માટે તથા એકબીજાં માટે આપણે બધાં જ કરી શકીએ એવી ઘણી બાબતો છે.**

**તમારે એ ઓળખવું જોઈએ** કે તમે તમારા પોતાના, અને તમારાં કુટુંબીજનોના સારા આરોગ્ય અને સુખાકારી માટે ઘણું મોટું યોગદાન આપી શકો તેમ છો અને તેના માટેની કેટલીક અંગત જવાબદારીઓ લઈ શકો તેમ છો.

**તમારે જીપીના દવાખાનામાં નામ નોંધાવવું જોઈએ** - જે એન.એચ.એસ.ની સંભાળ મેળવવા માટેનું મુખ્ય સ્થાન છે.

**એન.એચ.એસ.ના કર્મચારીઓ અને બીજાં દર્દીઓ સાથે તમારે માનપૂર્વક વર્તવું જોઈએ અને** એન.એચ.એસ.નાં સ્થળો ઉપર હેરાનગતી ફેલાવવાથી કે ખલેલ ઊભી કરવાથી તમારા ઉપર કાનૂની પગલાં લેવામાં આવી શકે છે તે ઓળખવું જોઈએ.

તમારા આરોગ્ય, પરિસ્થિતિ અને હોદ્દા વિશેની સચોટ માહિતી **તમારે પૂરી પાડવી જોઈએ.**

**તમારે અપોઈન્ટમેન્ટોમાં હાજરી આપવી જોઈએ** અથવા વાજબી સમયની અંદર તે રદ કરવી જોઈએ. જો તમે તેમ નહિ કરો તો રાહ જોવાના વધુમાં વધુ સમયની અંદર સારવાર મેળવવા ઉપર અસર પડી શકે.

તમે જેના માટે મંજૂર થયાં હો તે **સારવારનો કોર્સ તમારે અનુસરવો જોઈએ** અને જો તમને તેમાં કોઈ મુશ્કેલી નડે તો તમારા તબીબ સાથે વાત કરવી જોઈએ.

તમારે રસીઓ મૂકાવવા જેવા જાહેર આરોગ્યના અગત્યના કાર્યક્રમોમાં **ભાગ લેવો જોઈએ.**

**તમારે એ ખાતરી કરવી જોઈએ** કે તમારાં સૌથી નિકટનાં સ્વજનોને તમારા અંગદાન વિશેની તમારી ઈચ્છાઓની ખબર હોય.

તમને કદાચ કોઈ વિપરિત પ્રતિક્રિયાઓ થઈ હોય તેના સહિત તમને મળેલી સારવાર અને સંભાળ વિશે - **તમારે અભિપ્રાયો આપવા જોઈએ** - હકારાત્મક અને નકારાત્મક બંને.

# 3a. કર્મચારીઓ - તમારા અધિકારો અને એન.એચ.એસ.નાં તમને અપાયેલાં વચન

**એન.એચ.એસ. જેમને સેવાઓ પૂરી પાડે છે તે લોકોના ફાયદા માટે કામ કરતા કર્મચારીઓની કટીબદ્ધતા, વ્યવસાયિકતા અને કર્તવ્યનિષ્ઠા છે જે ખરેખરો તફાવત લાવે છે. ઊચ્ચ ગુણવત્તાની સંભાળ માટે ઊચ્ચ ગુણવત્તાનાં કાર્યસ્થળોની જરૂર પડે છે જેમાં કાર્યસોંપણી કરનારાં કમિશનરો અને સેવાઓ પૂરી પાડનારાં પ્રોવાઈડરો પસંદગીના એમ્પ્લોયર બનવાનો ધ્યેય રાખતાં હોય.**

બધા જ કર્મચારીઓ પાસે વળતર આપતી અને સંતોષ પૂરો પાડતી નોકરીઓ હોવી જોઈએ જેમાં તેમને દર્દીઓના હિતમાં કાર્ય કરવાની સ્વતંત્રતા અને આત્મવિશ્વાસ મળી રહેતા હોય. આમ કરવા માટે, તેમના ઉપર વિશ્વાસ મૂકવામાં આવવો અને તેમની વાત સક્રિયપણે સાંભળવી જરૂરી છે. કામ પર તેમની સાથે માનપૂર્વક વ્યવહાર કરવામાં આવવો જ જોઈએ, સંભાળ પૂરી પાડવા માટેનાં સાધનો, તાલીમ તેમજ ટેકો અને વિકાસ કરવા તેમજ પ્રગતિ સાધવા માટેની તકો મળતી હોવી જરૂરી છે.

આ કોન્સ્ટિટ્યુશન એન.એચ.એસ.નું તબીબી કે બિન-તબીબી કામ કરતાં બધા જ કર્મચારીઓને અને તેમના એમ્પ્લોયરોને લાગુ પડે છે. તેમાં કર્મચારીઓ ગમે ત્યાં કામ કરતાં હોય, જાહેરમાં, ખાનગી કે પછી ત્રીજા ક્ષેત્રની સંસ્થાઓમાં તે બધાંને આવરી લેવામાં આવે છે.

કર્મચારીઓને ઘણા વિસ્તૃત **કાનૂની અધિકારો** મળે છે, જેમને સામાન્ય રોજગાર અને ભેદભાવને લગતા કાયદાની અંદર વણી લેવામાં આવ્યા છે. આને એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન માટેની હેન્ડબુકમાં સંક્ષેપમાં જણાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, રોજગાર માટેના વ્યક્તિગત કરારોમાં પણ શરતો અને નિયમો જણાવવામાં આવ્યા હોય છે જેનાથી કર્મચારીઓને બીજા વધારે અધિકારો મળે છે.

આ અધિકારો એ વાતની ખાતરી કરવામાં મદદ માટે છે કે કર્મચારીઓને:

- કામનું સારું વાતાવરણ મળે જેમાં કામ કરવાની સહજ તકો હોય, દર્દીઓની જરૂરતો મુજબ અને લોકો જેવી રીતે તેમનું જીવન જીવતાં હોય તે સિદ્ધાંતો મુજબ હોય;
- યોગ્ય પગાર અને કરાર પ્રમાણેનું કામનું માળખું મળે;
- કામના સ્થળે સંડોવાય અને તેમનું પ્રતિનિધિત્વ કરી શકે;
- આરોગ્યપ્રદ અને સલામત કામની પરિસ્થિતિઓ મળી રહે અને હેરાનગતી, દાદાગીરી અથવા હિંસાથી મુક્ત હોય તેવું કામનું વાતવરણ મળે;
- તેમની સાથે ન્યાયી, સમાનતાપૂર્વક અને ભેદભાવથી મુક્ત વ્યવહાર કરવામાં આવે; અને
- જ્યાં એવું લાગતું હોય કે કોઈ અધિકારનું પાલન કરવામાં આવ્યું નથી ત્યાં આંતરિક રીતે ફરિયાદ કરી શકે અને જરૂર પડે તો તેનું નિવારણ લાવવાનો પ્રયત્ન કરી શકે.

આ કાનૂની અધિકારો ઉપરાંત, અનેક એવાં વચનો છે, જે એન.એચ.એસ. પૂરાં કરવા માટે કટીબદ્ધ છે. આ **વચનો** કાનૂની અધિકારો કરતાં ઘણાં આગળ વધે છે. એટલે કે કાનૂની રીતે બંધનકર્તા નથી પરંતુ કર્મચારીઓ માટે ઊચ્ચ ગુણવત્તાનું કાર્યકારી વાતવરણ પૂરું પાડવાની એન.એચ.એસ.ની કટીબદ્ધતા રજૂ કરે છે.

**એન.એચ.એસ. આ વચનો આપે છે:**

- બધા જ કર્મચારીઓને સ્પષ્ટ ભૂમિકાઓ અને જવાબદારીઓ સોંપવાં અને ટીમો તેમજ વ્યક્તિગત કર્મચારી માટે એવી પુરસ્કૃત નોકરીઓ પૂરી પાડવી, જે દર્દીઓ, તેમનાં કુટુંબીજનો અને કેરરો અને સમાજો માટે તફાવત લાવે તેવી હોય (વચન);
- બધા જ કર્મચારીઓને તેમની નોકરી માટેનો અંગત વિકાસ, યોગ્ય તાલીમ પૂરાં પાડવાં અને સફળ થવા માટે લાઈન મેનેજમેન્ટનો ટેકો પૂરો પાડવો;
- કર્મચારીઓને તેમનું આરોગ્ય, સુખાકારી અને સલામતી જાળવી રાખવા માટે જરૂરી ટેકો અને તકો પૂરાં પાડવાં (વચન); અને
- કર્મચારીઓને તેમને તથા તેઓ પૂરી પાડતાં હોય તે સેવાઓને અસર કરતા નિર્ણયોમાં વ્યક્તિગતપણે, પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ અને સ્થાનિક ભાગીદારીમાં કામ કરવાની ગોઠવણો મારફતે સાંકળવા. બધા જ કર્મચારીઓને દર્દીઓ તેમજ તેમનાં કુટુંબો માટે બહેતર અને વધારે સલામત સેવાઓ પૂરી પાડવાના ઉપાયો રજૂ કરવા માટે સમર્થ બનાવવામાં આવશે (વચન).

# 3b. કર્મચારીઓ - તમારી જવાબદારીઓ

**બધા જ કર્મચારીઓની જાહેરજનતા, તેમના દર્દીઓ અને સાથી કર્મચારીઓ પ્રતિ જવાબદારીઓ છે.**

અગત્યની કાનૂની ફરજો નીચે સંક્ષેપમાં જણાવેલી છે.

વ્યવસાયિક ઉત્તરદાયિત્વ સ્વીકારવાની અને તમારા વ્યવસાય કે ભૂમિકા માટે લાગુ પડતી હોય તેવી યોગ્ય નિયંત્રક સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવેલી વ્યવસાયિક કાર્યપદ્ધતિનાં ધોરણોની જાળવણી કરવાની **તમારી ફરજ છે.**

કામના સ્થળે, તમારા, તમારી ટીમના તેમજ અન્ય લોકોના આરોગ્ય અને સુરક્ષાની વાજબી સંભાળ રાખવાની, તેમજ આરોગ્ય અને સુરક્ષાને લગતી શરતોનું પાલન કરવાની ખાતરી કરવા માટે એમ્પ્લોયરોને સહકાર આપવાની **તમારી ફરજ છે.**

તમારા રોજગારના કરારમાં વ્યક્ત અને સમાવિષ્ટ કરવામાં આવેલી શરતો અનુસાર કામ કરવાની **તમારી ફરજ છે.**

દર્દીઓ કે કર્મચારીઓ સામે ભેદભાવ નહિ કરવાની અને સમાન તકોના તેમજ સમાનતા અને માનવ અધિકારોના કાયદાનું પાલન કરવાની **તમારી ફરજ છે.**

કોઈની અંગત માહિતીની ગુપ્તતાનું રક્ષણ કરવાની **તમારી ફરજ છે,** સિવાય કે તેમ કરવાથી કોઈને ઘણા મોટા પ્રમાણમાં નુક્સાન થવાનું જોખમ હોય.

નોકરી માટે અરજી કરવામાં અને તે નોકરી કરવામાં પ્રમાણિક અને સાચાં રહેવાની **તમારી ફરજ છે.**

આ કોન્સ્ટિટ્યુશનમાં એ **અપેક્ષાઓનો** પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે જણાવે છે કે કર્મચારીઓએ એન.એચ.એસ.ની સફળતામાં અને ઊચ્ચ ગુણવત્તાની સંભાળ પૂરી પાડવાની ખાતરી કરવામાં કેવી રીતે પોતાની ભૂમિકા ભજવવી જોઈએ.

**તમારે આ ધ્યેય રાખવો જોઈએ:**

- સંભાળ અને સેવાનાં સર્વોચ્ચ ધોરણોની જાળવણી કરવી, તમે પોતે પૂરી પાડતાં હો તે સંભાળની જ નહિ પરંતુ, તમારી ટીમ અને સમગ્ર એન.એચ.એસ.નાં લક્ષ્યો પ્રતિ તમારા વિસ્તૃત યોગદાન માટે પણ જવાબદારી લેવી;
- તમારી નોકરીના હોદ્દા માટે કાનૂની રીતે જરૂર હોય તેના કરતાં આગળ વધીને મળી શકતી તાલીમ અને વિકાસની તકો મેળવવી;
- દર્દીઓ, જાહેરજનતા અને સમાજો સાથે ભાગીદારીમાં મળીને કામ કરીને સતત રીતે સેવામાં સુધારા કરવા માટેની તમારી ભૂમિકા ભજવવી;
- દર્દીઓ, તેમનાં કુટુંબીજનો, કેરરો કે પ્રતિનિધિઓ સાથે નિખાલસ રહેવું, જો કશું ખોટું થયું હોય તો તેના પણ સમાવેશ સાથે, તેમના અભિપ્રાયો આવકારવા અને સાંભળવા અને ચિંતાજનક બાબતો ઉપર તાત્કાલિક અને સહકારની ભાવનાથી પગલાં લેવાં. તમારે એવું વાતવારણ બનાવવામાં ફાળો આપવો જોઈએ જ્યાં સચ્ચાઈ સાંભળી શકાય અને તેની જાણ કરી શકાય, ભૂલોમાંથી શીખવાને પ્રોત્સાહન આપવામાં આવતું હોય; અને
- તમે જે સેવાઓ પૂરી પાડતાં હોય તેમને દર્દીના દૃષ્ટિબિંદુથી જોવી, અને તમે પૂરી પાડતાં હો તે સેવાઓમાં દર્દીઓ, તેમનાં કુટુંબીજનો અને કેરરોને સાંકળવા, તેમની સાથે, તેમના સમાજો સાથે અને અન્ય સંસ્થાઓ સાથે મળીને કામ કરીને તેમની સંભાળ માટે કોણ જવાબદાર છે તે સ્પષ્ટ કરવું.

# એન.એચ.એસ.નાં મૂલ્યો

**દર્દીઓ, જાહેરજનતા અને કર્મચારીઓએ મૂલ્યોની આ અભિવ્યક્તિ વિકસાવવામાં મદદ કરી છે, જે એન.એચ.એસ.માં જુસ્સો પ્રેરે છે અને તે 21મી સદીમાં તેને દોરવીને લઈ જઈ શકશે. વ્યક્તિગત સંસ્થાઓ તેમની પોતાની સ્થાનિક જરૂરતો અનુસાર યોગ્ય હોય તેવી રીતે તેમનાં પોતાનાં મૂલ્યો વિકસાવીને અને તેમાં નવજીવન રેડીને તેમનો વિકાસ કરશે. એન.એચ.એસ.નાં મૂલ્યો સહિયારી મહત્ત્વાકાંક્ષાઓ પ્રાપ્ત કરવા માટેનો સહકાર મેળવવાનો એક સામાન્ય આધાર પૂરો પાડે છે.**

**માન અને સ્વમાન.** અમે દરેક વ્યક્તિની એક અલગ વ્યક્તિ તરીકે કદર કરીએ છીએ, જીવનમાં તેમની મહત્ત્વાકાંક્ષાઓ અને કટીબદ્ધતાઓનું માન રાખીએ છીએ અને તેમની અગ્રતાઓ, જરૂરતો, ક્ષમતાઓ અને મર્યાદાઓ સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. બીજાં શું કહે છે તેને અમે ગંભીરતાથી સાંભળીએ છીએ. અમારા દૃષ્ટિબિંદુ વિશે અને અમે શું કરી શકીએ અને શું ન કરી શકીએ તે જણાવવામાં પ્રમાણિક છીએ.

**સંભાળની ગુણવત્તા પ્રત્યે કટીબદ્ધતા.** અમારામાં મૂકવામાં આવેલો વિશ્વાસ અમે સારી ગુણવત્તા ઉપર ભાર મૂકીને અને દરેક સમયેઃ સલામતી, ખાનગીપણું, વ્યવસાયિક અને સંચાલકીય સંગઠિતતા, ઉત્તરદાયિત્વ, ભરોસાપાત્ર સેવા અને સારા સંદેશાવ્યવહાર જેવી પાયાની બાબતો દરેક સમયે યોગ્ય બનાવવાની જહેમતથી કમાયેલો છે. અમે અભિપ્રાયોને આવકારીએ છીએ, અમારી ભૂલોમાંથી શીખીએ છીએ અને અમારી સફળતાને આગળ વધારીએ છીએ.

**કરૂણા.** અમે દરેક વ્યક્તિના દર્દ, તનાવ, ચિંતા કે જરૂરત સામે માનવતા અને દયાસભર રહીને પ્રતિસાદ આપીએ છીએ. આરામ આપવા અને દર્દ હળવું કરવા માટે અમે શું કરી શકીએ તેમ છીએ, તે બાબતો શોધીએ છીએ, પછી ભલે તે ગમે તેટલી નાની હોય. અમે જેમને સેવા પૂરી પાડીએ છીએ તેમના માટે અમે સમય કાઢીએ છીએ અને તેમની સાથે મળીને કામ કરીએ છીએ. અમને પૂછવામાં આવે ત્યાં સુધી અમે રાહ જોતાં નથી, કારણ કે અમને તમારી પરવા છે.

**જીવનમાં સુધારા લાવવા.** અમે લોકોના આરોગ્ય અને સુખાકારીમાં તેમજ એન.એચ.એસ.ના તેમના અનુભવોમાં સુધારા કરવાનો સઘન પ્રયત્ન કરીએ છીએ. અમને જ્યાં પણ સર્વશ્રેષ્ઠતા અને વ્યવસાયિકપણું જોવા મળે છે ત્યાં તેની કદર કરીએ છીએ - લોકોનાં જીવન બહેતર બનાવતી રોજિંદી બાબતોમાં તેમજ તબીબી કાર્યપદ્ધતિઓમાં, સેવા સુધારાઓમાં અને નવીન શોધખોળોમાં.

**દર્દીઓ માટે સાથે મળીને કામ કરવું.** અમે જે કંઈ પણ કરીએ છીએ તેમાં કર્મચારીઓ, દર્દીઓ, કેરરો, કુટુંબો, સમાજો અને એન.એચ.એસ.ની બહાર કામ કરતા વ્યવસાયિકો સુધી પહોંચીને, અમે દર્દીઓને મોખરે રાખીએ છીએ. અમે દર્દીઓ અને સમાજોની જરૂરતોને સંસ્થાકીય હદો કરતાં અગ્રસ્થાન આપીએ છીએ.

**દરેક વ્યક્તિ અગત્યની છે.** અમે સમગ્ર સમાજના ફાયદા માટે અમારાં સંસાધનોનો ઉપયોગ કરીએ છીએ, અને કોઈને પણ બાકાત રાખવામાં કે પાછળ મૂકી દેવામાં ન આવે તેની ખાતરી કરીએ છીએ. અમે સ્વીકારીએ છીએ કે અમુક લોકોને વધારે મદદની જરૂર પડે છે, મુશ્કેલ નિર્ણયો લેવા પડે છે - અને જ્યારે અમે અમારાં સંસાધનોનો બગાડ કરીએ છીએ ત્યારે અમે બીજાંની તકોનો પણ બગાડ કરીએ છીએ. અમે માનીએ છીએ કે આપણી જાતને અને આપણા સમજોને વધારે તંદુરસ્તીમય બનાવવા માટે આપણે સહુએ ભાગ ભજવવાનો છે.

આ પુસ્તિકા અંગ્રેજી સ્વરૂપનું ભાષાંતર છે, જે www.dh.gov.uk/nhsconstitution પરથી મેળવી શકાય છે. તેનું સાતત્ય જાળવવાના તમામ પ્રયત્નો કરવામાં આવ્યા છે, પરંતુ જો કોઈ અનિશ્ચિતતા હોય, તો તેવા સંજોગોમાં અંગ્રેજી સ્વરૂપ આખરી ગણાશે.

© Crown copyright 2009
292617/Gujarati 0.5k Mar 09 (Mar)
ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ દ્વારા પ્રકાશિત
આ પુસ્તિકાની વધારે નકલો માટે, જુઓ www.orderline.dh.gov.uk
અને આ જણાવો 292617 The NHS Constitution (ધ એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન).
ફોન: 0300 123 1002 ફેક્સ: 01623 724 524
મિનિકોમ: 0300 123 1003 (સોમવારથી શુક્રવાર સવારે 8થી સાંજે 6)